# જિલ્લાના ચાર શહેરી વિસ્તારોમાં અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ચાર શહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને સઘનીકરણ માટે ચાર નવા અર્બન હેલ્થ સેન્ટર તેમજ દસથી વધુ સબસેન્ટરો સોમવારથી કાર્યાન્વીત થશે.

જિલ્લાના ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડૉ. આર.વી. પંડ્યાએ જણાવ્યું હતું કે ચાર અર્બન હેલ્થ સેન્ટરો અને દસ થી વધુ સબ સેન્ટરો સોમવારથી કાર્યરત થશે. પેથાપુર, કલોલ, માણસા અને દહેગામ ખાતે આ સેન્ટરો અને સબસેન્ટરો કાર્યરત કરવામાં આવનાર છે.

તેમણે જણાવ્યું હતું કે આ માટે મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, આશાકાર્યકરો સહિત તમામ જરૂરી સ્ટાફની નિમણુંકો પણ કરી દેવામાં આવી છે. જિલ્લામાં એકી સાથે આ સેન્ટરો કાર્યાન્વીત થતાં જિલ્લાના શહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થશે.

# માર્ગોની નવી ઓળખ દર્શાવવા ૨૬ બોર્ડ મુકાશે : ૧૬ લાખનો ખર્ચ

## વિભાગે મંજુરી આપતા બે મહિનામાં કામ પૂર્ણ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરના મુખ્યમાર્ગો પર નામાભિધાન મુજબ નવા બોર્ડ મુકવા આખરે નિર્ણય લેવાયો છે. રૂ. ૧૬ લાખના ખર્ચે નગરના મુખ્યમાર્ગો સહિત સર્કલો નજીક ૨૬ જેટલા બોર્ડ મુકવામાં આવશે. શહેરના માર્ગોની ઓળખ લોકોમાં સ્વીકૃત થાય તેવા આશયથી વિવિધ માર્ગોના નવા નામ દર્શાવતા રીફ્લેકટીવ બોર્ડ મુકવાનું કામ ટુંકમાં શરૂ કરી દેવાશે.

છેલ્લા ચાર દસકાથી 'ઘ' માર્ગ અને 'ચ' માર્ગ જેવા કક્કા-બારખડીના નામે ઓળખાતા નગરના મુખ્યમાર્ગોની ઓળખ હવે સાચા અર્થમાં બદલાશે.

ગત વર્ષ દરમિયાન સરકાર દ્વારા નગરના વિવિધ માર્ગો અને સર્કલોને આગવી ઓળખ આપવામાં આવી હતી. જેમાં શહેરના વિવિધ માર્ગોને મહાનુભાવોના નામ સાથે સાંકળી લેવાયા હતા. આ ઉપરાંત સર્કલોને પણ પ્રેરણા, એગ્રીવ અને સંસ્કાર જેવા નામો અપાયા હતા. પરંતુ અત્યાર સુધી માર્ગોની આ નવી ઓળખ કાગળ પુરતી જ સિમિત રહી હતી. બીજી તરફ માર્ગોમાં નવા નામ દર્શાવતા બોર્ડ મુકવાનું આયોજન પણ વિલંબમાં પડતા નવા નામાભિધાનની લોકસ્વીકૃતિ સામે પ્રશ્નાર્થ મંડરાયો હતો. પરંતુ માર્ગ-મકાન વિભાગ દ્વારા આખરે શહેરના માર્ગોની ઓળખ દર્શાવતા બોર્ડ મુકવાનો નિર્ણય લેવાતા ટૂંકમાં જ તંત્ર દ્વારા આ કામ શરૂ કરી દેવાશે. જેને અનુલક્ષી શહેરમાં મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર ૬ મોટા બોર્ડ મુકવામાં આવશે. જ્યારે 'ખ', 'ગ', 'છ' અને 'ચ' અને 'ગ' માર્ગ પર સ્થિત સર્કલો આસપાસ પણ ૨૦ જેટલા બોર્ડ પર માર્ગોના નામ દર્શાવેલા જોવા મળશે. રાત્રિ દરમિયાન પણ જોઈ શકાય તેવા આ રીફ્લેકટીવ બોર્ડ મુકવા માટે અંદાજિત રૂ. ૧૬ લાખનો ખર્ચ થશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડરપ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. આગામી બે મહિનામાં આ કામ પૂર્ણ કરી દેવાશે.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

## ખૂણે ખાંચરેથી

● આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લા તંત્રના અધિકારીઓ સતત જુદી જુદી જિલ્લા સ્તરની મિટીંગોમાં વ્યસ્ત હતા. ● ગઈકાલના કમોસમી વરસાદ પછી આજે આખો દિવસ પાટનગરવાસીઓએ ભારે ગરમીમાં પસાર કર્યો હતો. ● માણસાના સમૌ ખાતે તાવના કેસોની સંખ્યા સતત વધતી ચાલી છે. ● સોમવારથી શહેર અને જિલ્લામાં ભારે લગ્નસરાની મોસમનો પ્રારંભ થઈ રહ્યો છે. ● નિમેષ દેસાઈનો કાવ્યસંગીતનો ભવ્ય કાર્યક્રમ સીટી પલ્સ ખાતે યોજાઈ ગયો. ● ગાંધીનગર જિલ્લામાં દહેગામ કોલેજ ખાતે રિસર્ચ પ્રપોઝલ અંગે અધ્યાપકોની ત્રિદિવસીય કાર્યશાળા સંપન્ન થઈ.

# વિશ્વ પૃથ્વી દિવસ : ૨૨ એપ્રિલ




**અથર્વવેદમાં કહ્યું છે કે,**

***યત તે ભૂમે વિખનામિ ક્ષિપુતદપિ રોહતુ***
***મા તે મર્મ વિમૃગ્વરિ મા તે હૃદયમર્પિયમ***

**(અથર્વવેદ ૧૨.૧.૩૫)**



**એટલે કે, હે માં વસુંધરા, હું જે કાંઈ મારી જરૂરીયાત માટે કરી રહ્યો છું, તે ઝડપથી ફરી ઉગી નીકળે અને પવિત્ર માતા, આપના હૃદય કે અન્ય કોઈ અગત્યના અંગોને અમારાથી હાનિ ન પહોંચે.**

ધરતી માતાના આપણા ઉપર અગણિત ઉપકારો છે. તે માનવની ખોરાક, ઘાસચારો, રહેઠાણ, બળતણ, ખનિજ, સંપત્તિ, ઉજ્યોગો માટેનો કાચો માલ વગેરેની જરૂરીયાતો પરિપૂર્ણ કરે છે. ભૂમિની ફળદ્રૂપતા ઉપર તો કૃષિ પ્રધાન એવા આપણા દેશની પ્રગતિનો આધાર છે. જમીનમાંના પોષક તત્વો ઉપરાંત જમીનમાં રહેલા બેકટેરીયા, ફુગ અને અળસિયા જેવા સજીવો જમીનનાં ગુણધર્મો ઉપર અસર કરતાં હોય છે. જમીન ઉપર જ સમગ્ર જીવસૃષ્ટિ પાંગરે છે. આથી જ જમીન ખૂબ જ મહત્વનું પાસુ બની રહે છે. સાચે જ આપણી પૃથ્વી બહુરત્ના વસુંધરા છે.

પૃથ્વીના અસ્તિત્વ માટે ભયરૂપ બનેલ પરિબળો પ્રત્યે જાગૃતિ લાવવા દર વર્ષે ૨૨ મી એપ્રિલનો દિન વિશ્વ પૃથ્વી દિન તરીકે ઉજવવામાં આવે છે. નવો ઓછા થતાં ડુંગરો ઉપરની માટી તણાઈને નદીઓમાં આવવા લાગી. નદીનાં પટ રેતીથી પૂરાવા લાગ્યા. નદીઓની પાણી વહનક્ષમતા ઘટવા લાગી, જેથી થોડા વરસાદમાં પણ પૂર આવવા લાગ્યા. વનોમાં વિચરતાં વન્યપ્રાણીઓનું આશ્રય સ્થાન ભયમાં આવી પડ્યું. કેટલાક પ્રાણીઓનું અસ્તિત્વ હાલમાં જોખમમાં આવી પડેલ છે. ઘણી વનસ્પતિની જાતિઓ અતિ અલ્પ પ્રમાણમાં થઈ ગયેલ છે. માટીનું ધોવાણ થતાં બાર - પંદર ફૂટ ઊંડો કુવો ખોદતાં જ જ્યાં શુદ્ધ પાણીનો ખજાનો મળી રહેતો હતો, ત્યાં આજે પાંચસો ફૂટથી પણ વધુ ઊંડા બોર બનાવવા પડે છે જેમાં પણ ફ્લોરાઈડ વાળુ, ખારાશવાળુ પાણી મળે છે.

ઔદ્યોગિક ક્રાંતિના કારણે ઝેરી કચરો વાયુ સ્વરૂપે, પ્રવાહી સ્વરૂપે, ઘન સ્વરૂપે જ્યાં ત્યાં ફેંકાવાના કારણે વાયુ, જળ અને જમીનનું પ્રદૂષણ વધતું ગયું. કારખાનામાં, રેફ્રીજરેટરોમાં તથા વિવિધ સ્પ્રેમાં વપરાતા ક્લોરોફ્લોરો કાર્બન વાતાવરણમાં ભળતા ઓઝોનના પડમાં ગાબડાં પડવાનો વિસ્તાર વિસ્તરેલ છે. ક્લાઈમેટ ચેન્જ, ગ્લોબલ વૉર્મિંગ, સુનામી જેવા વિકરાળ પર્યાવરણીય પ્રશ્નો સમસ્ત માનવ સમાજને ચિંતિત કરી રહેલ છે.

આપણી હાલની પેઢી અને આવનારી પેઢીઓના અસ્તિત્વ અને સલામત ભાવિ માટે આ પૃથ્વી ઉપરના પર્યાવરણને બચાવવા અને સુધારવા આવશ્યક છે. તે માટે દરેક માનવી, ગામ, રાજ્ય, દેશ અને દુનિયાએ **"વિકાસ અને પર્યાવરણ જાળવણી"**ની કામગીરી સંતુલિતઅને એકબીજાને પૂરક બની રહે તે રીતે આયોજન કરવું જોઈએ.

તો ચાલો, આપણે એક જાગૃત નાગરિક આજના **વિશ્વ પૃથ્વી દિને** આટલું કરવાનો નિર્ણય કરી પૃથ્વી પરના પર્યાવરણ સુધારવાના ધ્યેયમાં પોતાનો અમુલ્ય ફાળો આપી,આપણા જ ભાવિને સુખમય અને અસ્તિત્વને સલામત બનાવીએ.

### આટલું કરીએ

**ખેડૂત તરીકે :**

- ખેતીમાં રાસાયણીક ખાતરોનું પ્રમાણ ઘટાડી સેન્દ્રિય ખાતરો, કમ્પોસ્ટ ખાતરોનો વપરાશ વધારીએ.
- રાસાયણીક દાવાઓનો ઉપયોગ ઘટાડતા જઈ જૈવિક દવાઓનો વપરાશ વધારતા જઈએ.
- બીન જરૂરી પાણીનો બગાડ અટકાવવા, શક્ય હોય ત્યા સ્પ્રિન્કલર અથવા ડ્રીપ ઈરીગેશન પદ્ધતિનો ઉપયોગ વધારતા જઈએ. વરસાદનું નકામું જતું પાણી જમીનમાં ઉતારીએ.
- ખેતરના શેઢે / પાળે ઈમારતી વૃક્ષો, ફળાઉ વૃક્ષો અને ઔષધિય વૃક્ષો ઉછેરીએ.
- પશુઓના છાણનો બળતણ કે ખાતર તરીકે સીધો ઉપયોગ કરવાને બદલે ગોબર ગેસનો ઉપયોગ કરી, ખાતર અને બળતણ બંને મેળવીએ.

**શહેરીજનો તરીકે :**

- જ્યાં પણ જગ્યા પ્રાપ્ય હોય ત્યાં વૃક્ષો ઉછેરીએ.
- હયાત વૃક્ષોનું રક્ષણ કરીએ.
- પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરીએ.
- ક્લોરોફ્લોરો કાર્બન પેદા કરતા એરકન્ડીશનર અને રેફ્રીજરેટર જેવા સાધનોનો ઉપયોગ ઘટાડી ખસ ટટ્ટીઓ, દેશી માટલાનો ઉપયોગ વધારીએ.
- વાહનોની નિયમીત જાળવણી કરીએ. વધુમાં વધુ બેઠક ક્ષમતાનો ઉપયોગ કરીએ.
- વીજળીનો કરકસર ભર્યો ઉપયોગ કરીએ. વીજળી બચાવવા સી.એલ.એફ બલ્બ તથા સૌર ઉર્જાના ઉપકરણોનો ઉપયોગ વધારીએ તથા ઉર્જા બચાવીએ.
- પર્યાવરણ અંગેની જાગૃતિ વધે તેવી પ્રવૃત્તિઓમાં સહકાર અને સમય આપીએ.

**ગ્રામ્યજનો અને વન વિસ્તારના રહીશો તરીકે :**

- વૃક્ષછેદન અટકાવીએ.
- વનોના સંરક્ષણ અને સંવર્ધનમાં સહકાર આપીએ.
- વન્ય પશુ, પંખી કે પ્રાણીના સંરક્ષણમાં સહકાર આપીએ.
- સહભાગી વન વ્યવસ્થાની પ્રવૃત્તિને વેગ આપી તેને પ્રબળ બનાવીએ.
- વનોમાં દવ ન લાગે તે માટે પ્રયત્નશીલ રહીએ, અને ક્યાંક દવ લાગેલ હોય તો જાગૃત નાગરિક તરીકે બુઝાવવામાં મદદરૂપ થઈએ.

**સ્વૈચ્છિક સંગઠનો તરીકે :**

- પર્યારવણ સુધારણાની દિશામાં લોકોની અભિરૂચી અને રસ વધે તેવા કાર્યક્રમો યોજી લોકોમાં જાગૃતિ લાવીએ.
- વૃક્ષ ઉછેર પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન આપીએ.
- વન્યપ્રાણી સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ લાવે તેવા કાર્યક્રમ - પ્રવૃત્તિ કરીએ.
- પાણીના કરકસર ભર્યા વપરાશ અંગે જાગૃતિ લાવીએ.
- પુનમની રાત્રે સ્ટ્રીટ લાઈટોનો ઉપયોગ ઘટાડવા જાગૃતિ લાવીએ.

**આવો, આપણે સૌ સાથે મળી**
**જીવન સુરક્ષા માટે પૃથ્વીની રક્ષા કરીએ.**

**- વન વિભાગ, ગુજરાત રાજ્ય**







**તાત્કાલિક બંગલો વેચવાનો છે**

પ્લોટ નં. ૨૫૭, સેક્ટર-૧, ગાંધીનગર. ૪૦૦ વારનો પ્લોટ, ૩૦૦ વારનું બાંધકામ.

મો. : ૯૦૩૩૦૦૨૦૯૦
ફોન : ૭૫૬૭૩૦૮૦૮૦

**ફર્નિચર ભાડે મળશે**

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

શ્રી ૧૧ — શ્રી ગણેશાય નમઃ

**ગજાનંદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ** દ્વારા આયોજીત

ગુજરાત એસ.ટી. (G.S.R.T.C.) એલ.ટી.સી. માન્ય વર્ગ-૩ અને ૪ માટે સૌ પ્રથમવાર આકર્ષક રીઝનેબલ

**વેકેશન પ્રવાસ (રહેવા-જમવા સાથે)**

દિવસ-૧૧ — ઉ.તા. ૩૦-૫-૨૦૧૨ — ફક્ત રૂ. ૮૫૦૧/-

ગાંધીનગરથી શ્રીનાથજી, અજમેર, પુષ્કર, જયપુર, દિલ્હી, હરિદ્વાર, ઋષિકેશ, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા, અયોધ્યા, છપૈયા, અંબાજી, ખેડબ્રહ્મા પરત

કેન્દ્ર સરકારનો ૨૦૧૦-૨૦૧૩ એલ.ટી.સી. બ્લોક અને રાજ્ય સરકારનો ૨૦૦૮-૨૦૧૧નો બ્લોક ૨૦૧૨ સુધી અને નવો ૨૦૧૨-૨૦૧૫નો બ્લોક ચાલુ છે.

વધુ વિગતો માટે સંપર્ક કરો :

**અલ્પેશ જોષી** બ્રહ્માણી સ્ટેશનર્સ, ૭૨, મીના બજાર, જૂના સચિવાલય, ગાંધીનગર. મો. ૯૭૨૬૭ ૬૭૬૮૧, ૮૬૯૦૯ ૨૭૦૨૩










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com